# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM GANDHINAGAR SUSHASAN DIVAS

રાજ્યના સામાન્યમાં માણસોને વધુને વધુ મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા છે એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે જણાવ્યું હતું. સ્વર્ગસ્થ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મશતાબ્દિએ આજે સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં શ્રી પટેલે અનેક પ્રજાલક્ષી નવી પહેલોનો પ્રારંભ કર્યો હતો.

શ્રી પટેલે ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ, સ્કોલરશીપ અને રેવન્યુ મોનીટરીંગ સિસ્ટમ, સી.એમ. ફેલો વેબસાઈટ, ગુજરાત ઇન્ડિયા વેબ પોર્ટલનું આધુનિકીકરણ જેવી વિવિધ પહેલો શરૂ કરી હતી. મુખ્યમંત્રીએ ડિજિટલ યુનિફાઈડ પોર્ટલ અંતર્ગત પ્રથમ તબક્કે સિંગલ સાઈન ઑન SSO, એ.આઈ. આધારિત એપ ભાષિણીના ઉપયોગથી “સ્વર” પ્લેટફોર્મ પણ લોંચ કર્યું હતું.

શ્રી પટેલે ‘મારી યોજના’, ‘સ્વાગત 2.ઓ’ અને ‘કનેક્ટ ગુજરાત’ જેવી પહેલ શરૂ કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ 36 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રાજ્યની 34 નગરપાલિકાઓના નવનિર્મિત ‘સિટી સિવિક સેન્ટર્સ’નું ઈ-લોકાર્પણ કર્યું હતું.

-----------------------------------

## CM GANDHINAGAR

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વન અને પર્યાવરણ વિભાગમાં પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંકપત્ર એનાયત કરાયા

હતા. સુશાસન દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી પટેલે પર્યાવરણ સંરક્ષણની સાથે રાજ્યના વિકાસમાં સહભાગી થઈ નવા કર્મચારીઓ સફળ થવા શુભેચ્છા પાઠવી હતી.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

-----------------------------------

## SUSHASAN DIVAS

આજે રાજ્યના કેટલાક જિલ્લામાં સુશાસન દિવસ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અરવલ્લી જિલ્લામાં સિટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરાયું હતું. મોડાસા નગરપાલિકાના જૂના મકાન ખાતે શરૂ થયેલા આ સેન્ટરમાં મિલકત વેરો, વ્યવસાયિક વેરો, જન્મ-મરણના પ્રમાણપત્ર સહિતની વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી ભીખુસિંહ પરમારે વધુ માહિતી આપી હતી.

**(બાઈટઃ ભીખુસિંહ પરમાર, અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી)**

ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે આજે સુશાસન દિવસે ૬૮૦ જેટલી વિવિધ સરકારી યોજનાઓના સંપુટ સમાન 'મારી યોજના' પોર્ટલનાં પોસ્ટરનું વિમોચન કર્યું હતું. પોર્ટલનાં વ્યાપક પ્રચાર પ્રસાર અર્થે ડાંગ જિલ્લા માહિતી વિભાગ કચેરીએ આ પોસ્ટર તૈયાર કર્યું છે.

-------------------------------------

## NAVSARI - CIVIC CENTRE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નવસારી વિજલપોર નગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ ખાતે નવા સિટી સિવિક સેન્ટરનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઇ ઉપસ્થિત રહ્યાં હતા.

-------------------------------------

## MAHISAGAR TECHNOLOGY SERVICE

મહીસાગર જિલ્લામાં બાલાસિનોર ખાતે વિશ્વાસ પ્રોજેક્ટના બીજા તબક્કાનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ તબક્કા હેઠળ રાજસ્થાન સરહદ પર તકેદારી રાખવા ચાર ચેકપોસ્ટ પર 19 સીસીટીવી કેમેરા લગાવવામાં

આવશે. જિલ્લાના મુખ્યમથક લુણાવાડામાં 12 સ્થળ પર 35 અને બાલાસિનોરમાં 13 સ્થળ પર 56 કેમેરા લગાવવામાં આવશે.

------------------------------------

## MAHISAGAR SOG TEAM

મહીસાગર જિલ્લામાં વિશેષ સંચાલન સમૂહ-SOGએ માદક પદાર્થનું વેચાણ કરતા વેપારીની ધરપકડ કરી છે. SOGએ કડાણા તાલુકાના મુનપુર ગામમાં તપાસ કરતા વેપારી પાસેથી 67 હજાર રૂપિયાનો માદક પદાર્થ ઝડપ્યો હતો. SOGએ આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

--------------------

## Sanosara Lok Bharti

સુરેન્દ્રનગર જિલ્લાના સણોસરા લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો વાર્ષિકોત્સવ આગામી રવિવારે યોજાશે. આ પ્રસંગે લોકસાહિત્યનાં મર્મજ્ઞ અને સનદી અધિકારી વસંત ગઢવી 62મી નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્યમાં જીવન મૂલ્યો' વિષય પર પ્રવચન કરશે.

------------------------------------

## RAKTPIT NIMULY PROGRAMME - MAHESANA

મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિતના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ અંતર્ગત વિસનગર તાલુકાના ગુંજા, વાલમ અને કાસા ગામ ખાતે આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ ગામમાં છેલ્લા પાંચ વર્ષમાં નોંધાયેલા રક્તપિત્તના દર્દીના ઘરે જઈ પરિવારના તમામ સભ્યોની રક્તપિત્ત અંતર્ગત તપાસ હાથ ધરાઈ હતી. આ તકે રક્તપિત રોગ અંગે સમજ પણ આપવામાં આવી હતી.

-----------------------------------

## AMRELI RWSS YOJNA

અમરેલી જીલ્લાના રાજુલાના 65 ગામના પાણીના પ્રશ્ન નિરાકરણ માટે RWSS યોજના હેઠળ 12 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેમાં સંપ, ઊંચી ટાંકી, પંપ હાઉસ RCC રોડ તેમજ 65 ગામની પાણીની પાઇપ લાઈન રૂપિયા 42 કરોડના ખર્ચે બનશે. આ કામનુ ખાતમુર્હુત કરાયુ હતુ. ધારાસભ્ય હીરા સોલંકીના હસ્તે આરડબલ્યુએસએસ યોજના અંતર્ગત આ યોજનાનં ખાતમુર્હુત કરાયુ હતુ. વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના પ્રશ્નને હલ કરવાના આશય સાથે સરકાર દ્વારા આ યોજના મંજૂર કરવામાં આવી હતી.

------------------------